# ૧૦.૧૨ પર્વોનો મહારાજા: પર્યુષણ મહાપર્વ.......

## પુણ્યનું પોષણ... પાપનું શોષણ પર્વ પર્યુષણ પામીજી...

જૈન જગતમાં મંત્રાધિરાજ તરીકે શ્રી નવકાર મહામંત્રનો કોઈ વિકલ્પ નથી, તીર્થાધિરાજ તરીકે શ્રી શત્રુંજયતીર્થ (પાલીતાણા)નો કોઈ જોટો મળે તેમ નથી તેવી રીતે પર્વધિરાજ તરીકે શ્રી પર્યુષણા મહાપર્વ જેવું કોઈ બીજું પર્વ નથી. નાની પણ આરાધના–ભક્તિ–જ્ઞાન–સેવા–તપ–શ્રુત એ મહાન લાભનું કારણ બને છે. તેથી મહાપર્વ કે પર્વોધિરાજ કહેવાય છે.

તમે ભલે જૈન હો કે ન હો પરંતુ આચાર–વિચાર થકી જૈન બનવાનો સર્વેને પુરો અબાધિત અધિકાર છે. જન્મથી જૈન હોવા છતાં જો કોઈ માણસ તેના આચાર–વિચારથી જૈન ના હોય તો એને જૈન ગણવો ફરજિયાત નથી. આ આચાર–વિચાર તથા આચરણ એટલે શું? તે સમજીએ તો પર્વાધિરાજની સાચી આરાધના કરીજ શકીએ પરંતુ આનો અર્થ બહુજ સરળ છે. અને ગહન પણ છે.

પર્યુષણ પર્વની આરાધનામાં પવિત્રતા પ્રાપ્ત કરવી પડશે. આ પવિત્રતા પામવા માટે જૈન હોવું ફરજિયાત કેમ? અજૈન ને એ પવિત્રતા પામવા માટે જૈન હોવું કેમ નહિ? આ પ્રશ્નનો ઉત્તર બિલકુલ સરળ છે. દા.ત. તમારે કાળઝાળ ગરમીમાં કોઈ વૃક્ષનો  છાંયડો જોઈતો હોયતો એ વૃક્ષથી છૂટો પાડીને અનયત્ર લઈ જઈ ના શકાય. આનો આનંદ માણવો હોય તો તેના શરણમાં જવું પડે. તેમ પર્વનો સાચો આનંદ માણવો હોય તો પર્યુષણ પર્વમાં સાચી આરાધના કરવી જ પડે. આ આરાધના આપણે–આપણા વર્તન–વિચાર–વાણી–ત્યાગ–તપ–સંયમ તેમજ જૈન ધર્મગુરુએ ચીંધેલા માર્ગે આપણે આરાધના કરી શકીએ.

**પર્યુષણા “પર્વાધીરાજ” શા માટે કહેવાય છે?**

બીજી એક વાત ઉપખંડ સમા ભારત વર્ષની પ્રજા ઉત્સવપ્રિય પ્રજા છે. એટલે અનેક પર્વોની ઉજવણી કરે છે. પરંતુ તેમાં વસેલા જૈન લોકો આત્મિક છે. આધ્યાત્મિક વિકાસ સાધવા પર્યુષણા મહા પર્વની હોશભેર ઉજવણી કરે છે. લૌકિક પર્વોની ઉજવણીમાં સંસાર સુખ કેન્દ્રમાં હોય છે. અને કર્મો વધારે હોય છે જ્યારે લોકોત્તર પર્વ એવા પર્યુષણની ઉજવણીમાં અહિંસા–ત્યાગ સેખ અને સદ્‌ગુણો કેન્દ્રમાં હોય છે અને જીવન–જ્ઞાનનો ઉજાસ દેખાય છે. અને ચારિત્રની સુવાસ રેલાય છે. તેનાથી મલિન મન નિર્મળ બને છે અને આત્મા પરમ પદ મેળવવાની ઝંખના સેવે છે. જૈન પ્રજાનો સાંસ્કૃતિક અને આધ્યાત્મિક વારસો એટલે જ પર્યુષણા.

**પર્વાધીરાજની આરાધના એટલે શું?**

- રોજ પૂજા ભક્તિ પ્રભાવના દ્વારા સમ્યક્ દર્શન પદની આરાધના પ્રભુ ભક્તિ થાય છે. અને ભાવ વિશુદ્ધિ થાય છે.
- પરમ પવિત્ર કલ્પ સૂત્રના શ્રવણ વાંચન અને પૂજનથી સમ્યક્ જ્ઞાન પદની આરાધના થાય છે. અને મનની વિશુદ્ધિ થાય છે.
- પૌષધવ્રત દ્વારા ચરિત્ર પદની આરાધના તથા સામાયિક પ્રતિક્રમણ દ્વારા ધ્યાન–યોગની સાધના થાય છે અને દેહની શુદ્ધિ થાય છે.
- અઠ્ઠાઈ, અઠ્ઠમ, ઉપવાસ આદિ તપથી તપ પદની આરાધના થાય છે.
- સાત ક્ષેત્રમાં સ્પતિનો સદ્‌વ્યય કરવા દ્વારા તેમજ પ્રભુ વીરનો જન્મ મહોત્સવ ઉજવીને ભક્તિ માર્ગ દ્વારા આરાધના–સાધના ઉપાસના કરવાની હોય છે. તેનાથી મમતા–મૂર્ચ્છા–ધનની આસક્તિ અલ્પ થાય છે. સુકૃત પુણ્ય બંધાય છે.

**પર્વાધિરાજ એટલે શું?**

- વૈશ્વિક પ્રેમનું પર્વ એટલે પર્યુષણા પર્વ
- અશાંતિથી શાંતિતરફ લઈ જતું પર્વ એટલે પર્યુષણા પર્વ
- અજ્ઞાનરૂપ અંધકારથી જ્ઞાનની જ્યોત જગાવતું પર્વ એટલે પર્યુષણા પર્વ
- માનવીના પર ઘરમાંથી સ્વઘરમાં વસવાટ કરાવતું પર્વ એટલે પર્યુષણા પર્વ.

વળી જિનાજ્ઞા અનુસાર કોઈ સાથે કજીયા-કંકાસ ન થાય -ગાંઠ ન પડે તેજ યોગ્ય છે. પરંતુ આપણી અજ્ઞાનતાથી ગાંઠ પડે જેવી કે ગોદડે ગાંઠ, કાથીની ગાંઠ હોય તો તે અન્ય પર્વની આરાધના દ્વારા ઉકેલી શકાય પરંતુ રેશમની ગાંઠ પડી હોયતો તે ક્ષમારૂપી કાતર વડેજ કાપી શકાય તેમાટે સામેથી જ ક્ષમા માંગવી તથા ક્ષમા સ્વીકારવી જોઈએ અને જો, વધુ દોષ થયો હોય તો, પક્ષપાત કરી આલોચના પણ સ્વીકારવી જોઈએ તેવો સંયમ પર્વાધિરાજના અંતે સંવત્સરીના દિને કરવામાં આવે છે.

jainuniversity.org

**પર્યુષણાની વિશુદ્ધતા જાળવવા પર્યુક્ષણાના પાંચ કર્તવ્યો.**

**૧. અમારી પ્રવર્તન :** જૈન ધર્મના મૂળભૂત સિદ્ધાંત મુજબ પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિના સઘળા જીવોથી માંડીને પશુ, પંખી, માનવી, સુધીના જીવો પ્રત્યે અભયદાન, અહિંસા અને કરુણા જાળવવાની શીખ મળે છે.

**૨. સાધર્મિક વાત્સલ્ય:** સમાન વિચારસરણી ધરાવતા અને સમાન ધર્મી જૈનો પ્રત્યે ઉદાર સહાનુભૂતિ અને વાત્સલ્ય ભાવના રાખવી તથા યોગ્ય સમયે યોગ્ય મદદ કરવી જોઈએ જે માટે જૈન ધર્મમ તેનું ખૂબ મહત્વ છે.

**૩. અઠ્ઠમ તપ:** તપ ધર્મની આરાધના સ્વરૂપ ત્રણ દિવસના ઉપવાસનો તપ અથવા યથાશક્તિ તેના જેવું તપ કરવું જોઈએ.

**૪. ચૈત્ય પરિપાટી :** નગરમાં રહેલા દરેક જિન ચૈત્યોને સ્થાપત્યકલાના નમૂના જ ન સમજતાં મોક્ષના દ્વારસમજી યોગ્ય વંદન પૂજન કરવું વળી ચૈત્ય એટલે આત્મા જે આત્મ દર્શન નું પ્રભુ સ્વરૂપ છે.

**૫. ક્ષમાપના :** અહીં ક્ષમાનો અર્થ અતિ વ્યાપક છે. સમસ્ત સૃષ્ટિના અંશ રૂપે પોતે હોવા છતાં એની સમ્યગતા ને (આપણામય) પોતીકું સમજવાની ભાવના તે 'ક્ષમા' છે. આનંદમાં નિખાલસ જીવન જીવવા અને આત્મ જ્ઞાન-કેવળ જ્ઞાન મેળવવા જીવ માત્ર પ્રત્યે ઉદાર ક્ષમાની લાગણી પરસ્પર રાખવી જોઈએ જેથી પરસ્પરની શાંતિ વધે છે.

આ ઉપરાંત પર્યુષણમાં જગાવેલી જ્યોતને કાયમ કરવા વાર્ષિક અગીયાર કર્તવ્યો કરવા યોગ્ય છે.

**૧. સંઘ પૂજન :** સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાના પરસ્પર વિનય અને સમર્પણથી સામાજીક ધાર્મિક ભાવ ઉન્નત બને છે. તથા તેના વડે ઉત્તમ જીવોનું બહુમાન થાય છે અને શ્રી સંઘની પૂજા એ તીર્થંકરની પૂજા તુલ્ય કરી છે.

**૨. સાધર્મિક ભક્તિ :** સાધર્મિક પ્રત્યેકનો ભક્તિભાવ, જિન શાસનના સર્વ અંગોને જીવંત રાખતા હું તત્ત્વ છે. મારા-તારા પણાની સંકુચિત વૃતિઓને તોડવા આહાર, વસ્ત્ર, ગૃહ, મેડીકલ, એજ્યુકેશન, રોજગારી વગેરે યોગ્ય આવશ્યક વસ્તુઓ દ્વારા જિન ધર્મમાં સ્થિર કરવા જે ભક્તિનો પરિણામ તે સાધર્મિક ભક્તિ છે.

**૩. તીર્થ યાત્રા :** તીર્થના સ્થળોએ માનવીય ક્ષતિઓથી અપવિત્ર બનેલા તન–મનના સઘળા દુષણો અને દોષોને ક્ષણમાત્રમાં દૂર કરનારું સ્થાન છે. તીર્થંકરો, ગણધર ભગવંતો આદિ પવિત્ર મહાપુરુષોના તપ– ધ્યાન સાધનાના પવિત્ર પરમાણુઓ જ્યાં ઠાંસી ઠાંસીને ભરેલા છે અને પવિત્રતા–શાંતિ–આનંદનું એક ચુંબકીય વાતાવરણથી ભરેલું  હોય છે કે ત્યાં જ્યા માત્રથી આપણા સઘળા દોષો અને દૂષણો શાંત થઈ જાય છે. અને તન–મન–આતમની પ્રસન્નતા અને પવિત્રતા પ્રાપ્ત કર્યાનો અનુભવ થાય છે. તેથી તીર્થ યાત્રા કરવી.

**૪. સ્નાત્ર મહોત્સવ :** પ્રભુના જન્મ કલ્યાણકનો અનુપમ પ્રસંગ જાણે આંખે દેખ્યો અહેસાસ રજુ કરતાં હોય તેમ સ્નાત્રમાં ગુંથી લીધો છે. અંતરના ભાવોને નિર્મલ કરવા પ્રભુ ભક્તિ એ સર્વશ્રેષ્ઠ સાધન છે. શક્ય હોય તો દરરોજ, નહિંતર સપ્તાહમાં એક યા બે વાર અવશ્ય ભણાવવું જોઈએ.

**૫. દેવ દ્રવ્યની વૃદ્ધિ:** પરમાત્માના અનંત ઉપકારોનું ઋણ પૈસાથી વાળવું અશક્ય છે. પરંતુ આશામનની વિશિષ્ટતા પ્રભુનો માર્ગ–પ્રભુનો પ્રેમ આવનારી પ્રજા સુધી પહોંચે તે પૈકી જીવનનું સાર્પણ તન–મન–ધનથી થાય, પોતાની સંપતિ સફળ–સાર્થક બને તે માટે દેવદ્રવ્યના આદેશો ચડાવાબોલી લાભ લેવો.

**૬. મહાપૂજા:** ભગવાનની ભક્તિ ઉચ્ચ દ્રવ્યો અને ઉચ્ચભાવે કરવા અને સર્વોત્તમ દ્રવ્યો સાથે જિનમંદિરમાં આ યથાયોગ્ય સુશોભન અને શણગાર દ્વારા પ્રભુ ભક્તિ પ્રગટ કરવાની છે.

**૭. રાત્રી જાગરણ :** તપ, દીક્ષા, શાસન, પ્રભાવના ઉદ્યાપન દ્વારા અંતરમાં ઉતારવા રાત્રી ભાવના કરવી.

**૮. શ્રુતપૂજા:** જિનાગમને સમર્પિત થવા માટે તથા તેમનો આદર કરવા માટે આગમો, ધર્મના પુસ્તકો, હસ્તપત્રો વગેરે શુદ્ધિ પૂર્વક લખવા–લખાવવા સાચવવા–આદર–બહુમાન રાખવા તેમજ અજ્ઞાનીને જ્ઞાની બનાવવાના પ્રયત્નો કરવા

**૯. ઉદ્યાપન:** દર્શન, જ્ઞાન, ચારિત્ર, ઉપકરણો દ્વારા જિન મંદિર તેમજ પૂ. ગુરુભગવંતોની આવશ્યક ચીજોનું ઉજમણું કરવું.

**૧૦. શાસન પ્રભાવના:** સામાન્ય માનવીના હૈયામાં જિનશાસન પ્રત્યે રૂચિપ્રગટથાય, આદર–બહુમાન વધે, ધર્મ કરવાનો ભાવ થાય તે માટે દરેક અધિકારી અને યોગ્ય પુરુષે વિચાર–વાણી વર્તનમાં નમ્રતા રાખવી, ઉદારતા રાખવી.

**૧૧. આલોચના :** આ જગતમાં જાતને પવિત્ર અને નિર્મળ બનાવવા જેવું એક પણ સર્વોત્કૃષ્ટ કાર્યબીજું કોઈ નથી. પોતાના દોષો પાપોથી વિશુદ્ધ થવા પૂ. ગીતાર્થ ગુરુભગવંત પાસે વિશુદ્ધભાવથી સાચો પ્રશ્ચાતાપ કરીને આલોચના લઈને પૂરી કરવી જોઈએ. જે કરવાથી કેવળજ્ઞાન ઉત્પન્ન થઈ શકે છે. અને વાર્ષિક આલોચના દરેક આરાધક આત્માએ લઈને પોતાની અંત સમયે સમાધિ અને સદ્‌ગતિ અને પ્રાંતે સિદ્ધિ શિવગતિને રીઝર્વ કરાવવી.

### પર્યુષણાની આરાધનાનો લાભ શું મળે?

- મહાપર્વની આરાધનાથી ક્રૂર હીન–પાપી હિંસક જીવ પણ શાંત થાય છે. પોતાનામાં રહેલી ઉણપ, ખોટી વૃત્તિ, પ્રવૃત્તિને પારખવાની તક મળે છે.
- અંતર નિર્મળ અને પવિત્ર બને છે. સમયનો સદુપયોગ થાય છે, જીવન સાર્થક અને સફળતાના માર્ગે આગળ વધે છે.
- દેહની શુદ્ધિ, મનની શાંતિ અને ચિત્તના ભાવો પ્રગટ થાય છે.
- જૈન ધર્મ પામ્યાની ખુમારી અને ખમીરી પામ્યાની પ્રતીતી થાય છે.
- અંતે ધીમે – ધીમે આત્મ વિકાસ તરફ આગળ વધતાં યથાવ્‌ત મોક્ષ સુધી પહોંચાડે છે.

**પર્યુષણામાં ખાસ કરવા યોગ્ય બાબતો.**

- સવારે સાંજે પ્રભુ પૂજા અને સાંજે સંધ્યા ભક્તિ.
- સવાર – સાંજના નિયમિત પ્રતિક્રમણ કરવાં.
- વ્યાખ્યાન  શ્રવણ અવશ્ય કરવું.
- નવકારશી – ચોવિહાર, ઉકાળેલું પાણી જેવું અલ્પ અલ્પ તપ કરવું.
- બને તો અઠ્ઠાઈ, ઉપવાસ, આંબેલ, એકાશન નહિતર છેવટે બિયાસણું કરવું.
- બ્રહ્મચર્યનું પાલન કરવું અને વિજાતીયથી દૂર રહેવું.
- સંથારા પર શયન, શક્ય તેટલું મૌન પાળવું.
- શક્ય હોય તો ૮ દિવસ પૌષધ નહિંતર સંવત્સરીનો પૌષધ કરવો.
- શક્તિ અને ભાવ હોય તો સાતે ક્ષેત્રમાં યથાયોગ્ય સંપતિ વાપરવી. ધનત્યાગ એ દાનનો મહાલાભ અપાવે છે.
- ઉપાશ્રયમાં નાના–મોટા કોઈ પણ એક ચડાવો (ઉછામણી)નો અવશ્ય લાભ લેવો.
- કલ્પસૂત્ર–બારસાસૂત્ર વ્હોરાવવાનો લાભ મળે તો અથવા શ્રુત પૂજન કરવાનો લાભ લેવો.
- શ્રી સંઘમાં પ્રભાવના કરવી બાળકોને પ્રોત્સાહન મળે તેવી પ્રવૃતિ કરવી.
- રાત્રિ ભોજન, લીલોતરી, બ્રેડ બટર, ચીઝ, માખણ, કંદમૂળ, અભક્ષ્ય તથા હોટલની વસ્તુઓ ત્યાગ.
- ફ્રીઝ, ટીવી, ઘરઘંટી, પંખા, એ.સી. જેવા ઈલેક્ટ્રોનીક સાધનોનો ત્યાગ.
- ચોરી, જૂઠ, કપટ, નિંદા, મોહ, માયા, વગેરે અઢાર પાપસ્થાનકોનો ખાસ ત્યાગ કરવો.
- વ્યાપાર, ધંધા, કારખાના, ફેક્ટરી વગેરે આઠ દિવસ બંધ રાખવા.
- મન–વાણી–વિચાર–આચારને દૂષિત કરે, પાપી બનાવે તેવી દેશ–કાળ પ્રમાણે સર્વવસ્તુઓને વિવેક પૂર્વક છોડી દેવી.

**પર્યુષણાનો સાર**

ખમિયવ્વં ખમાવિયવ્વં, ઉવસમિયવ્વં ઉવસમાવિયવ્વં
ઉવસમસારં ખુ સામણ્ણં–

જે સર્વજીવોને ખમે છે અને ખમાવે છે. ઉપશમ રાખે છે. અને રખાવે છે. તે સાચો જૈન છે
શ્રમણ(સાધુ)પણાનો સાર પણ ઉપશમ (તન–મન–ધનથી શાંત થવું) છે.